RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૪૯ તા.૭–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી જયદિપસિંહ પ્રતાપસિંહ વાઘેલા
સામાવાળ :– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયદિપસિંહ પ્રતાપસિંહ વાઘેલાની તા. ૨૫–૧૧–૧૧ અને ૨૯–૧૧–૧૧ની અરજીથી તા. ૯–૯–૧૧ના રોજ કલેકટરશ્રીની કચેરીએ આપેલ અરજી કયા અધિકારીના સ્ટેજ પર છે તથા અરજીના અનુસંધાનમાં કયા પગલા ભરવામાં આવેલ છે તેની પુરી લેખિતમાં માહિતી આપવા અને અમરોલી વિસ્તારમાં આવેલ " રઘુવીર સોસાયટી " "રેસીડન્સઝોન" છે, "ઈન્ડસ્ટ્રીયલઝોન" છે તેની માહિતી, જો ઈન્ડસ્ટ્રીયલઝોન હોય તો તે પ્લાન મુજબ દુકાનો પાસ કરવામાં આવી છે કે કેમ તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૪૯/૨૦૧૧–૧૨

શ્રી જયદિપસિંહ પ્રતાપસિંહ વાઘેલાની તા. ૨૫–૧૧–૧૧ અને ૨૯–૧૧–૧૧ ની અરજી થી તા. ૯–૯–૧૧ના રોજ કલેકટરશ્રી ની કચેરીએ આપેલ અરજી કયા અધિકારીના સ્ટેજ પર છે તથા અરજીના અનુસંધાનમાં કયા પગલા ભરવામાં આવેલ છે તેની પુરી લેખિતમાં માહિતી આપવા અને અમરોલી વિસ્તારમાં આવેલ " રઘુવીર સોસાયટી" " રેસીડન્સઝોન" છે, " ઈન્ડસ્ટ્રીયલઝોન" છે તેની માહિતી, જો ઈન્ડસ્ટ્રીયલઝોન હોય તો તે પ્લાન મુજબ દુકાનો પાસ કરવામાં આવી છે કે કેમ તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/ આઉટ/ ૬૨૬૬ તા. ૨૦–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા તા.૯–૯–૧૧ની અરજી મળેલ કે કેમ? તે અંગે થયેલ ન થયેલ કાર્યવાહીની વિગત જણાવવા તથા અરજદારની તા. ૨૯–૧૧–૧૧ની અરજીનું વિષય–વસ્તુ રેસીડેન્સીયલ કે ઈન્ડસ્ટ્રીયલ ઝોન તેમજ પ્લાન પાસ મનપાના કાર્યક્ષેત્રને લગતો હોવા છતાં તે અંગેની મનપાની માહિતી અરજદારને અપાયેલ –નહીં અપાવ્યાની હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૧ તા.૧૮–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) તથા અરજદારને તા.૯–૯–૧૧ની અરજીની નકલ અત્રે રજૂ કરેલ નથી જેની મહાનગરપાલિકાને નકલ આપેલ કે કેમ ? તે વિગત આધાર સહ રજૂ કરવા સાથે દફતરી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપ્યા બાદ નારાજગી અંગે આધાર સહ રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. નોર્થઝોન/આ./૭૭૦૯ તા.૩–૨–૧૨થી નોંધ વિભાગ, અરજદારની તા.૨૯–૧૧–૧૧ ની મુળ અરજીની નકલ, મુખ્ય આરોગ્ય નિરીક્ષકે કરેલ રીપોર્ટની નકલ, અરજદારને પત્ર નં. એન.ઝેડ/આ./૬૪૫૭ તા.૨૭–૧૨–૧૧ થી સમય અવધિમાં આપેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારની તા.૨૯–૧૧–૧૧ ની (આઈ.ડી નં.૪૮૧) મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ./૬૧૨૯ તા.૧૩–૧૨–૧૧ થી સમય અવધિમાં પાઠવેલ નકલ ફી ભરવા માટેના પત્રની નકલ, નં.એન.ઝેડ/આ/૬૨૬૬ તા.૨૦–૧૨–૧૧ થી નકલ નંગ–૧૦ પુરી પાડયાના પત્રની નકલ, નમુનો–એ ની નકલ, લાઈટ બીલની નકલ, ગોમતી બેન નટુભાઈ પ્રજાપતીની લાયસન્સ લેવા અંગે સંમતી પત્રની નકલ, મિલકત ટ્રાન્સફર કરારની નકલ, શ્રી જયંતીલાલ બારોટ એન્ડ કું તરફથી સ્ટીલ પુરુ પાડયા અંગેના બીલની નકલ, વેરાની રસીદની નકલ, મુખ્ય આરોગ્ય નીરીક્ષકના તા.૧૨–૧૨–૧૧ ના રીપોર્ટની નકલ, પત્ર નં.એન.ઝેડ/૩૪૧ તા.૧૦–૪–૧૦ ના રોજ ગુજરાત પોલ્યુશન બોર્ડને લખેલ પત્રની નકલ, પત્ર નં.એન.ઝેડ/આરોગ્ય/૫૫૩ તા.૭–૧૨–૧૧ ના રોજ ગુજરાત પોલ્યુશન બોર્ડને લખેલ પત્રની નકલ, પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૬૪૮૭ તા.૨૮–૧૨–૧૧ થી ગુજરાત પોલ્યુસન બોર્ડને તબદીલ કરેલ પત્રની નકલ , પત્ર નં.એન.ઝેડ/આ./૬૪૮૯ તા.૨૮–૧૨–૧૧ થી અરજદારને પાઠવેલ પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૫–૧૧–૧૧ અને તા.૨૯–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી કતારગામ ઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૬૪૮૭ તા.૨૮–૧૨–૧૧ થી અંશતઃ માહિતી સમય અવધિબાદ ગુજરાત પોલ્યુસન બોર્ડ સુરતને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ./૬૨૬૬ તા.૨૦–૧૨–૧૧ થી સમયઅવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં તા. ૯–૯–૧૧ના રોજ કલેકટરશ્રી ની કચેરીએ આપેલ અરજી કયા અધિકારીના સ્ટેજ પર છે તથા અરજીના અનુસંધાનમાં કયા પગલા ભરવામાં આવેલ છે તેની પુરી લેખિતમાં માહિતી આપવા અને અમરોલી વિસ્તારમાં આવેલ " રઘુવીર સોસાયટી" " રેસીડન્સયલઝોન" છે, " ઈન્ડસ્ટ્રીયલઝોન" છે તેની માહિતી, જો ઈન્ડસ્ટ્રીયલઝોન હોય તો તે પ્લાન મુજબ દુકાનો પાસ કરવામાં આવી છે કે કેમ તેની માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૬૧૨૯ તા.૧૩–૧૨–૧૧ થી દસ્તાવેજી નકલના રૂા.૨૦/– ભરી માહિતી મેળવવા પત્ર થી જણાવેલ. જે અંગે પત્ર નં.એન.ઝેડ/આ./૬૨૬૬ તા.૨૦–૧૨–૧૧ થી ગુમાસ્તાધારાને લગતી સંસ્થા મહાલક્ષ્મી સ્ટીલ ફેબ્રીકેશનના નોંધણી નમુના

'એ' ફોર્મ તથા તેની સાથે રજુ કરેલ પુરાવાની નકલના પાના નંગ–૧૦ ની માહિતી પુરી પાડેલ. જયારે પત્ર નં.એન.ઝેડ/આ.૬૪૫૭ તા.૨૭–૧૨–૧૧ થી અમરોલી ન્યુ. કોસાડ રોડ વિસ્તારમાં આવેલ રઘુવીર સોસાયટી કે જેનો મોજે કોસાડ બ્લોક નં.૯૮૬ છે. સદર જગ્યા કોમર્શીયલ ઝોનમાં આવે છે. કતારગામનો ઉપલબ્ધ રેકર્ડ જોતા સદર બ્લોકમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન કોઈ દુકાનનાં બાંધકામ પ્લાનોની મંજુરી આપવામાં આવેલ હોવાનું જણાતુ નથી. તથા આરોગ્ય વિભાગ તરફથી મેટલ/લોખંડનાં ધંધાકીય હેતુ કે વેચાણ અંગે કોઈ પણ પ્રકારનું લાયસન્સ આપવામાં આવતુ નથી. તેવુ જણાવેલ.

અરજદારે ગુજરાત પોલ્યુશન બોર્ડ, સુરતને તા.૯–૯–૧૧ ના રોજ કરેલ અરજી બાબતે કતારગામઝોનના આરોગ્ય અધિકારીએ પત્ર નં.એન.ઝેડ/આરોગ્ય/૫૫૩ તા.૭–૧૨–૧૧ થી અમરોલી વિસ્તારમાં આવેલ રઘુવીર સોસાયટી મહાલક્ષ્મી ફેબ્રીકેશનના સંચાલક/માલિક શ્રી નટુભાઈ પ્રજાપતિ અને વિગેરે ધ્વારા લોખંડ ફેબ્રીકેશન કામગીરી દરમ્યાન ભારે લોખંડ કાપી તેમજ વજનદાર હથોડા/ઘણ મારી અવાજ ધ્વારા પ્રદુષણ થતુ હોવા અંગે કાર્યવાહી કરવા જણાવેલ.

અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/ આઉટ/ ૬૨૬૬ તા. ૨૦–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૭–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. અપીલ તબકકે રેસીડન્સયલઝોન હોવા છતા, ગુમાસ્તાધારાનું લાઈસન્સ મહાલક્ષ્મી સ્ટીલ ફેબ્રીકેશન, રઘુવીર સોસાયટી, અમરોલી ને આપવાના કારણોને આધાર શું છે. બાંધકામની પરવાનગી ન આપેલ હોવા છતાં રેશીડન્સી ઝોનમાં સ્ટીલ ફેબ્રીશનનું કારખાનુ ધમધમે છે. તેવી રજુઆત કરેલ.

જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. નોર્થઝોન/આ./૭૭૦૯ તા.૩–૨–૧૨ થી પુરક પત્રમાં કતારગામ ઝોનના આરોગ્ય વિભાગ, ગુમાસ્તાધારા વિભાગ તથા શહેરી વિકાસ વિભાગની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અપીલ અરજી અન્વયે આરોગ્ય તથા શહેર વિકાસ વિભાગ તરફથી કોઈ પુરક માહિતી આપવાની રહેતી નથી. તેમજ ગુમાસ્તાધારાની માહિતી આપવામાં આવેલ છે તે બરાબર હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર ધ્વારા જે સંસ્થા વિરુધ્ધ અરજી કરેલ છે તે સંસ્થા મહાલક્ષ્મી ફેબ્રીકશની ગુમાસ્તાધારા હેઠળ તા.૧૯–૭–૧૦ ના રોજ તપાસ કરવામાં આવેલહતી અને શોપ કેસ નં.૧૮૬૩/૨૦૧૦ થી નામદાર મ્યુ.કોર્ટમાં ફરિયાદ પણ દાખલ કરવામાં આવેલ. જેમાં અરજદારને નામદાર મ્યુ.કોર્ટ તરફથી તા.૧૯–૧૨–૧૦ ના રોજ રૂા.૩૦૦/– દંડ કરવામાં આવેલ હતો. તેવુ જણાવેલ.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૧ તા.૧૮–૧–૧૨ થી તા.૯–૯–૧૧ની અરજીની નકલ અત્રે રજૂ કરેલ નથી જેની મહાનગરપાલિકાને નકલ આપેલ કે કેમ ? તે વિગત આધાર સહ રજૂ કરવા સાથે દફતરી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપ્યા બાદ નારાજગી અંગે આધાર સહ રજુઆત કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ વિગત પુરી પાડેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૭–૧–૧૨ ધ્યાને લેતાં ૫–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૦–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૫–૧૧–૧૧ અને તા.૨૯–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશુ કરવાનુ રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

અરજદાર તકરાર નિવારણને લગતી કે કાર્યવાહીને લગતી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયદિપસિંહ પ્રતાપસિંહ વાઘેલા